# :: શરતો ::

**કામનું નામ : એન્યુઅલ રેઈટ ઓફ રોડ વર્કસ અન્ડર આર એન્ડ બી ડિવિજન મોરબી**

(૧) સદરહું ભાવો વાર્ષિક ભાવો હોય એક વર્ષ સુધી અમલમાં રહેશે અને ભાવો મંજૂર થયેથી મંજૂર ભાવો મુજબ ખાતાની જરૂરીયાત મુજબ જે તે કામના મંજૂર થયેલ અંદાજપત્રક સામે ખાતા સાથે જરૂરી કરારખત કરી કામ કરવાનું રહેશે.

(૨) **ટેન્ડર ખોલ્યા બાદ દરેક એજન્સીએ ડીપોઝીટ ફરજીયાત ભરવાની રહેશે.** તમામ આઇટમોની કામગીરી મંજુર થયેલ ભાવોથી માન્ય થયેલ એજન્સી પાસે કામ કરાવી શકાશે. વિભાગને કામની અનિવાર્યતા ઉપસ્થિત થયે ભાવ ભરેલ કોઇપણ એજન્સી પાસે તાત્કાલીક ધોરણે પ્રત્યક્ષ કે પરોક્ષ જાણ વગર કરાવવામાં આવશે. ગમે તે એજન્સીને કામ સોપવામાં આવે તો સૌથી નીચા ભરેલ ભાવવાળી એજન્સીએ કોઇ વાંધો, હક્ક, દાવો કે તકરાર કે નાંણાકીય ક્લેઇમ માન્ય રહેશે નહી. ટેન્ડર ખોલ્યા બાદ દરેક એજન્સીઓએ ડીપોઝીટ ફરજીયાત ભરવાની રહેશે. અને જો એજન્સીએ ડીપોઝીટ નહી ભરશે તો તેમને ટેન્ડરનું કામ આપવામાં નહી આવે.

(૩) આ ભાવો કોન્ટ્રાકટનાં ધોરણે હોય વર્ષ દરમ્યાન જરૂરીયાત મુજબ છૂટક છૂટક કામ કરવાનું થશે.

(૪) નિયત ભાવપત્રકો સિવાયના ભાવો ગણતરીમાં આવશે નહીં.

(૫) ગમે તે કારણોસર નિયત સમય બાદ કે બાનાની રકમ સિવાયના અને શરતી ભાવો ગણતરીમાં લેવામાં આવશે નહી.

(૬) આવેલ ભાવ પત્રકો પૈકી બધા જ કે, અમુક ભાવ પત્રક મંજૂર કે નામંજૂર કરવાનો અધિકાર કાર્યપાલક ઇજનેરશ્રીને અબાધિત રહેશે.

(૭) જે ભાવ પત્રકોના ઊંચા જણાશે તે માટે વાટઘાટ દ્વારા ભાવો ઘટાડવાના પ્રયત્ન કરવામાં આવશે.

(૮) ભાવો દરેક પ્રકારના વેરા, રોયલ્ટી સાથેના ભરવાના રહેશે

(૯) ઓનલાઇન આવેલ ભાવ પત્રક શક્ય હશે તો, ભાવો સ્વીકારવાની છેલ્લી તારીખનાં બીજા કામકાજનાં દિવસે બપોરનાં ૧૨-૦૦ કલાકે ઉપસ્થિત ઠેકેદારશ્રીની હાજરીમાં ઓનલાઇન ખોલવામાં આવશે.

(૧૦) ઈમરજન્સીનાં કિસ્સાઓમા મૌખિક કે લેખિત સુચના મળ્યેથી ૨૪ કલાકમાં કામ શરૂ કરવાનું રહેશે.

(૧૧) સરકારશ્રીના વખતોવખતના પરીપત્રો અન્વયે જે ટેકસ કાપવાના થશે તે એજન્સીએ માન્ય રાખવાના થશે.

(૧૨) સૌથી નીચા ભાવ મંજુર કરવામાં આવશે. જે મંજુર થયેલ સૌથી નીચા ભાવથી જ અન્ય પેનલ એજન્સીઓને કામ કરવાનું રહેશે.

(૧૩) પેનલ સિવાય અન્ય એજન્સીને કામ આપી શકાશે નહી. જેના ખાસ નોંધ લેવી જો પેનલ સિવાય અન્ય કોઇ એજન્સીને કામ આપવામાં આવશે તો તેના માટે સંબધિત નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી જવાબદાર રહેશે.

**કાર્યપાલક ઇજનેર**
**માર્ગ અને મકાન વિભાગ**
**મોરબી**